અપીલ અરજી નં.૧૨૪,૧૩૦,૧૩૧ તા.૧૬–૬–૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી હિતેશ બી.અવસ્થી
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હિતેશ બી.અવસ્થીની તા.૧૯–૪–૧૧ ની અલગ ત્રણ અરજીઓથી મોજે કતારગામ, રે.સ.નં.૩૪૩ વાળી ૧૬૩૯૦ ચો.મી.વાળી ખેતીની જમીનમાં તા.૧૫–૧૨–૯૫ ના રોજ ટી.ડી.ઓ. નં.૨૦, તા.૩૦–૭–૮૫ ના રોજ ટી.ડી.ઓ.નં.૨૮૭, અને તા.૨૬–૧૨–૮૪ ના રોજ ટી.ડી.ઓ.નં. ૫૬૫ થી શહેરી વિકાસ અધિકારીશ્રીએ આપેલ રજાચીઠ્ઠી એટલે કે બાંધકામ પરવાનગીમાં રજુ કરેલ તમામ કાગળોની સર્ટીફાઈડ નકલો આપવા બાબતે સાથે રજાચીઠ્ઠીની નકલ જોડેલ છે તે માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની અપીલ તા.૧૬–૬–૧૧ ની SMC/FAP/ નં.૧૨૪,૧૩૦,૧૩૧ /૨૦૧૧–૧૨

શ્રી હિતેશ બી.અવસ્થીની તા.૧૯–૪–૧૧ ની અલગ ત્રણ અરજીઓથી મોજે કતારગામ રે.સ.નં.૩૪૩ વાળી ૧૬૩૯૦ ચો.મી.વાળી ખેતીની જમીનમાં તા.૧૫–૧૨–૯૫ ના રોજ ટી.ડી.ઓ.નં.૨૦, તા.૩૦–૭–૮૫ ના રોજ ટી.ડી.ઓ.નં.૨૮૭, અને તા.૨૬–૧૨–૮૪ ના રોજ ટી.ડી.ઓ.નં.૫૬૫ થી શહેરી વિકાસ અધિકારીશ્રીએ આપેલ રજાચીઠ્ઠી એટલે કે બાંધકામ પરવાનગીમાં રજુ કરેલ તમામ કાગળોની સર્ટીફાઈડ નકલો આપવા બાબતે સાથે રજાચીઠ્ઠીની નકલ જોડેલ છે તે માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/ ૧૨૩ થી ૧૨૫ તા.૧૫–૬–૧૧ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા વધુમાં દફતર ઉપલબ્ધ નહી હોવાના પ્રત્યુત્તર અંગે દફતરના નાશ કે નિકાલની આધાર સહ વિગતો મોકલવા તથા બાંધકામ રજાચિઠ્ઠી રજીસ્ટરે તે પૈકીની કોઈ વિગતો ઉપલબ્ધ છે કે કેમ? તથા આનુષાંગિક માળખાગત સુવિધા જેવી કે પાણી, ડ્રેનજ અંગેના દફતરે તે પૈકીની કોઈ વિગત ઉપલબ્ધ છે કે કેમ? તે પણ ચકાસી જવા પત્ર પત્ર નં.આરટીઆઈ સેલ/૩૯૪ તા.૨૪–૬–૧૧થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ /આ.નં.૧૨૩ થી ૧૨૫ તા.૧–૭–૧૦ થી વરાછાઝોનના સંકલનના નામથી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની તા.૧૯–૪–૧૧ ની ત્રણ અરજીઓની રજાચિઠ્ઠી સાથેની નકલ, તથા મ. જાહેર માહિતી અધિકારી અને નગર નિયોજક શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૪૧ ,૪૨,૪૩ તા.૯–૫–૧૧ થી મ. જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર વરાછાઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી તરફથી ત્રણેય અરજીઓ અંગે આપેલ માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૧૨૩ થી ૧૨૫ તા.૧૫–૬–૧૧ ના પત્રની નકલ, તા.૧૧–૭–૧૧ ના રોજ અરજદારે અરજી નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૧૨૩ થી ૧૨૫ તથા અપીલ નં SMC/FAP/ નં.૧૨૪,૧૩૦,૧૩૧/૨૦૧૧–૧૨ દર્શાવતી તેમની તા.૧૧–૭–૧૧ ની અરજીની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૯–૪–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની ત્રણ અરજીઓ શહેર વિકાસ અધિકારી સુરત મહાનગપાલિકાને કરવામાં આવેલ. જે અરજીઓ પત્ર નં.ટીડીઓ/૪૧,૪૨,૪૩ તા.૯–૫–૧૧ થી શહેર વિકાસ વિભાગ તરફથી કાર્યપાલક ઈજનેર વરાછાઝોનને અરજી તબદીલ કરવામાં આવેલ. જે વરાછાઝોન તરફથી આઈ ડી નં.૧૨૩,૧૨૪ અને ૧૨૫ થી સ્વીકારવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૨૩ થી ૧૨૫ તા.૧૫–૬–૧૧ થી માહિતી આપવામાં આવેલ. જે બાબતે અરજદારે સદર પત્ર સંદર્ભે મળેલી માહિતીની નારાજ થઈ તા.૧૬–૬–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારની અરજી નં.૧૨૩ મોજે કતારગામ રે.સ. નં.૩૪૩ વાળી ૧૬૩૯૦ ચો.મી. વાળી ખેતીની જમીનમાં તા.૧૫–૧૨–૯૫ ના રોજ ટીડીઓ/૨૦ અરજદારની અરજી નં.૧૨૪ તા.૩૦–૦૭–૮૫ ના રોજ ટીડીઓ / નં.૨૮૭ અરજદારની અરજી નં.૧૨૫ માં તા.૨૬–૧૨–૮૪ ના ટીડીઓ નં.૫૬૫ થી શહેર વિકાસ અધિકારીએ આપેલ રજાચિઠ્ઠીઓ એટલેકે બાંધકામની પરવાનગીમાં રજૂ કરેલ તમામ કાગળો સર્ટીફાઈડ નકલો આપવા બાબતે રજાચિઠ્ઠીની નકલ સહિત અરજી કરેલ જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. ઈ.ઝેડ/આરટીઆઈ/૧૨૩ થી ૧૨૫ તા.૧૫–૬–૧૧ થી " તમારા ધ્વારા માંગવામાં આવેલ માહિતી વરાછાઝોન

ખાતાના રેકર્ડ પર ઉપલબ્ધ ન હોવાથી આપી શકાય નહી તેવું જણાવેલ. જેની સામે જાહેર માહિતી અધિકારી તરફથી ત્રણેય અરજીઓ બાબતે મળેલા પ્રતિભાવથી નારાજ થઈ ત્રણ અપીલો અપીલ નં. SMC/FAP/ નં.૧૨૪,૧૩૦,૧૩૧ તા.૧૬–૬–૧૧ ના રોજ કરવામાં આવેલ. જેમાં એક જ અરજદાર તેમજ એક જ જાહેર માહિતી અધિકારી તથા સરખી વિષય વસ્તુ હોવાથી ત્રણેય અપીલોનું જોડાણ કરવામાં આવેલ. જે અંગે અપીલ તબકકે અત્રેથી પૂરક વિગતો માંગતા જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારે સદર અરજી નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૧૨૩ થી ૧૨૫ તથા અપીલ નં.SMC/FAP/ નં.૧૨૪,૧૩૦,૧૩૧ દર્શાવી કરેલ અરજીઓ અને અપીલો પરત ખેચવામાં આવેલ હોય દફતરે કરવા જણાવતી તા.૧૧–૭–૧૧ ની અરજી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ છે. જેમાં અરજદારે મારી અરજી અંગે માંગ્યા મુજબની નકલો મળી હોય જવાબની જરૂર નથી અને મે કરેલી અરજી મારી લેખિત સંમતિની પરત ખેંચું છું. અરજી ખેંચવા ટેલીફોનીક સુચના અથવા તો મારા પ્રતિનિધિને સંમતિ આપું છે અને જેની દફતરી નોંધ લેવડાવવામાં અરજીમાં જણાવું છે. તેવું જણાવેલ છે. જેના અનુસંધાને અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૫૧૧ તા.૧૯–૭–૧૧ થી અરજદારને પત્ર પાઠવી પરત ખેંચેલ અપીલ અંગે બહાલી –સમર્થન લક્ષી હકીકત રજૂ કરવા જણાવેલ. પરંતુ અરજદારે આજ દિન સુધી તે અંગે કોઈ પ્રતિભાવ આપેલ નથી કે તેનું ખંડન પણ કરેલ નથી. અરજદારના ખંડનની અનુપસ્થિતિમાં તેમના તા.૧૧–૭–૧૧ ના અપીલો પરત ખેંચતા પત્રને સમર્થન હોવાનું માનવાને કારણ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૯–૪–૧૧ થી કરેલ ત્રણેય અરજીઓથી માંગેલ માહિતી અંગે કરેલ ત્રણ અપીલ નં. ૧૨૪, ૧૩૦,૧૩૧ અરજદાર તરફથી તા.૧૧–૭–૧૧ ના રોજની અરજીથી પરત ખેંચેલ હોઈ તથા દફતરે કરવા જણાવેલ હોઈ તેને અનુલક્ષી ત્રણેય અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ, ત્રણેય અપીલ અરજીઓ દફતરે કરવામાં આવેલ છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૧

પ્રતિ,

(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી હિતેશ બી.અવસ્થી,